# ગાંધીનગરમાં દર મહિને એક કરોડના ગુટખા-તમાકુનું વેચાણ

## ૭૦ ટકા યુવાનો વ્યસનના રવાડે : હાઈપ્રોફાઈલ વિસ્તારમાં યુવતિઓ માટે સિગારેટ ફૂંકવાનો ફેશન ટ્રેન્ડ !

ગાંધીનગર, તા. ૧૩

આજની યુવાપેઢીમાં પાંગરતા અનેક દૂષણો વચ્ચે વ્યસનની બદી મોટાભાગના યુવાનોને આભડી ગઈ છે. ગુટખા-તમાકુ ચાવવાની સાથે સિગારેટ ફૂંકવાની વાત સાવ મામૂલી હોવા છતાં ફેશન ટ્રેન્ડ બની ગઈ છે. હાઈપ્રોફાઈલ વિસ્તારમાં યુવકોની સાથે યુવતિઓ પણ સરેઆમ સ્મોકીંગ કરતી નજરે પડે છે. શિક્ષિત સોસાયટીમાં પણ વ્યસનનું પ્રમાણ ચિંતાજનક રીતે વધતાં ભદ્ર સમાજનું મોં વંકાયું છે. સાંસ્કૃતિક નગરી તરીકે ઊભરતા ગાંધીનગરમાં પણ વ્યસનની બદીએ અજગર ભરડો લીધો છે. જિલ્લામાં ૭૦ ટકા યુવાનો એક યા બીજા વ્યસનના રવાડે ચડ્યા હોવાની બાબત પ્રકાશમાં આવતાં ભાવિ પેઢીનું ભવિષ્ય ધૂંધળું દેખાય છે.

અગાઉ થયેલા એક સર્વેના તારણ મુજબ શહેરની એક પણ શાળા ટોબેકો ફ્રી ન હોવાની ચોંકાવનારી વિગતો પણ સામે આવી હતી. શહેરી વિસ્તારની સાથે ગ્રામ્ય વિસ્તારના શાળાએ જતા વિદ્યાર્થીઓ દિનબદિન વ્યસનની બદીમાં હોમાઈ રહ્યા છે. શહેરમાં પણ ગુટખા-તમાકુનું ધૂમ વેચાણ થાય છે. સમગ્ર રાજ્યમાં ગુટખા, સિગારેટનો પાંચ હજાર કરોડનો બિઝનેસ થાય છે. જ્યારે વિવિધ ૯૨ જાતની જુદી જુદી બ્રાન્ડનું વેચાણ થાય છે. ગાંધીનગરમાં પણ દર મહિને ૧ કરોડ રૂપિયાના ગુટખા-તમાકુનું ઝેર યુવાનોના પેટમાં જાય છે. સમગ્ર દેશમાં ૨૩ કરોડ નાગરિકો વ્યસનની બદીમાં હોમાઈ ગયા છે. ત્યારે ભાવિ પેઢીને તેજસ્વી બની નિરોગી રાખવા વ્યસન મુક્તિનો માર્ગ મોકળો બનાવવા લોગ જાગૃતિ મુખ્ય પરિબળ બન્યું છે. વ્યનની બદીમાં હોમાઈ દિશાહીન બનેલા યુવાનોનાં જીવન હોડમાં મુકાયાં છે. આવા સંજોગોમાં નગરના એકયુવાને આજની યુવા પેઢીને મોતના મુખમાંથી ઉગારવા વ્યસન મુક્તિની અનોખી ઝૂંબેશ હાથ ધરી છે.

શહેરમાં રહેતા આશિષ જશવંતલાલ સોનીએ વ્યસન મુક્તિના અભિયાન અન્વયે અત્યાર સુધીમાં દેશ-વિદેશમાં અનેક કેમ્પ કર્યા છે. જ્યારે ૪૮,૪૫૦ વ્યક્તિઓને વ્યસનની બદીમાંથી ઉગાર્યા હોવાનું પણ તેમણે જણાવ્યું છે.

તેમણે વ્યસન છોડાવવા માટે ખાસ ત્રણ ફિલ્મો પણ તૈયાર કરી છે. હાલ તેઓ શહેર અને જિલ્લાની શાળાઓમાં પણ વ્યસન મુક્તિના કેમ્પ કરી રહ્યા છે. તેમને જણાવ્યા મુજબ મોંઘવારીના યુગમાં પણ યુવાપેઢી માનસિક તણાવના લીધે વ્યસન તરફ ખેંચાય છે.

ગ્રામીણ વિસ્તારમાં વ્યસન કરતી મહિલાઓનું પ્રમાણ વિશેષ છે. પરંતુ દ્રઢ મનોબળ અને હકારાત્મક અભિગમ દ્વારા વ્યસન ચોક્કસ છુટી શકે છે.

## ઉકળતા દૂધના તપેલામાં પડી જવાથી માસુમ બાળકીનું મોત

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર નજીક આવેલ ટીંટોડા ગામે પંદર દિવસ અગાઉ ઘરમાં રમતા રમતા ૧ વર્ષની માસૂમ બાળકી ઉકળતા દૂધના તપેલામાં અચાનક પડી જતા ગંભીર રીતે દાઝી ગઈ હતી. જેનું આજે સારવાર દરમિયાન અમદાવાદ સિવિલમાં પ્રાણ પખીડું ઉડી ગયું હતું. આ મામલે પેથાપુર પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ગાંધીનગર નજીક આવેલ ટીંટોડા ગામે ઠાકરોવાસમાં પંકજભાઈ ઠાકોર પોતાના પરિવાર સાથે રહે છે અને તેમને એક વર્ષની તન્વી નામની બાળકી પણ છે. જે ગત ૨૮મી જૂનના રોજ સવારે ઘરમાં રમતા રમતા ઉકળતા દૂધના તપેલામાં પડી ગઈ હતી. આથી બાળકી ગંભીર રીતે દાઝી જતા તેને સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. પરંતુ દિવસેને દિવસે બાળકીની હાલત વધુ નાજુક બનતા તેને અમદાવાદ સિવિલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં આજ સવારે બાળકીની તબિયત વધુ લથડતાં તેણીનું સારવાર દરમિયાન કરૂણ મોત નિપજ્યું હતું. આ ઘટનામાં એક વર્ષની બાળકીનું પ્રાણ પંખીડું ઉડી જતા. પરિવાર જનોમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ જવા પામી હતી. આ મામલે પેથાપુર પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધ્યો હતો, જે અંગે જમાદાર ગફુરભાઈ તપાસ ચલાવી રહ્યા છે.

## ગાંધીનગર બિલ્ડર્સ એશોસિએશનના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર બિલ્ડર્સ એશોસિએશનની વર્ષ ૨૦૧૩-૧૪ની વાર્ષિક



સાધારણ સભામાં હોદ્દેદારોની વરણી કરવામાં આવેલ છે.


પ્રમુખ નીલેષભાઈ આર. પટેલ, ઉપપ્રમુખ - વિનોદ પટેલ, મહામંત્રી જયંતભાઈ બી. શેલડીયા, ખજાનચી યોગેશ જે પટેલ, સહમંત્રી કિરણ પટેલ, તથા કારોબારી સભ્ય તરીકે મુકેશભાઈ ડી. પટેલ, સુરેશભાઈ એન. પટેલ, જીતુભાઈ એસ. પટેલ, દિલીપભાઈ આઈ. પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ છે.

## પૂરક પરીક્ષાઓની બેઠક વ્યવસ્થા બદલાતાં માસૂમ વિદ્યાર્થીઓમાં દોડધામ મચી

### સવારે પેપર આપવા આવેલા વિદ્યાર્થીઓ ટેન્શનમાં પેપર લખી ન શક્યા

ગાંધીનગર, તા. ૧૩

માધ્યમિક શિક્ષણ બૉર્ડની પૂરક પરીક્ષાઓ તાજેતરમાં શરૂ થઈ છે. આજરોજ પૂરક પરીક્ષા આપવા આવેલા વિદ્યાર્થીઓ અચાનક બેઠક વ્યવસ્થા કેન્દ્ર બદલાતાં ચિંતિત બની ગયા હતા અને દોડાદોડ કરી અંત સમયે પરીક્ષા કેન્દ્રમાં પહોંચ્યા હતા. જેથી વિદ્યાર્થીઓમાં અને વાલીઓમાં ભારે રોષની લાગણી પ્રવર્તી છે.



64 YOG,SWA SHASHIK-P EXM

વિષય કોડ ૧ થી 20 ની પરીક્ષા બોર્ડ દ્વારા લેવામાં આવનાર છે

બિલ્ડિંગ ૧ પેહલા પેપર માટે છે,જ્યારે બિલ્ડિંગ 2 ત્યાર પછી આવતા બીજા પેપર માટે છે જની નોધ લેવી

Building1:ST XAVIER'S SCHOOL,SECTOR 8,GANDHINAGAR → ખોટુ છપાયું

Building2:VED INTERNATIONAL SCHOOL, GANDHINAGAR.

પરીક્ષાની તારીખ અને સમયની પરીક્ષાના છાપેલા કાર્યક્રમ સાથે ચકાસણી કરી લેવી

નિયમિત પ વર્ગશિક્ષકની

ગાંધીનગર શહેરની શાંતિ નિકેતન માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા જયદીપસિંહ અરવિંદસિંહ ગોહિલની અને તેના જેવા તેના વર્ગના ૧૮ જેટલા વિદ્યાર્થીઓની આજે જૂના ગણિત વિષયની પૂરક પરીક્ષા સવારે ૧૦થી ૧.૨૦ દરમ્યાન પરીક્ષા કેન્દ્ર સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ, સેક્ટર-૮, ગાંધીનગર ખાતે હતી, એમ તેના પ્રવેશપત્રમાં છપાયું હતું. પરંતુ પરીક્ષા આપવા પહોંચેલા જયદીપને અને તેના જેવા અન્ય પરીક્ષાર્થીઓને સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાંથી આચાર્ય દ્વારા જાણવા મળ્યું કે તેમનું પેપર તો વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે છે. આજના પેપરમાં પરીક્ષા કેન્દ્ર બદલાયાની જાણ વિદ્યાર્થીઓને થતાં દરેક વિદ્યાર્થી ચિંતિત અને અધીરો બની ગયો હતો. દૂર-દૂરથી આવેલા વિદ્યાર્થીઓ અજાણી શાળામાં જેમ તેમ કરીને પહોંચ્યા હતા.

પરીક્ષા વિભાગ દ્વારા પૂરક પરીક્ષાની હોલ ટિકિટ છપાઈને આપવામાં આવી હતી જેમાં વિદ્યાર્થીઓને બિલ્ડીંગ ૧ પહેલા પેપર માટે છે જ્યારે બિલ્ડીંગ ૨ ત્યાર પછી આવતા બીજા પેપર માટે છે જેની નોંધ છપાઈછે. વિદ્યાર્થીઓ બિલ્ડીંગ ૧ પ્રમાણે સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં નિયત સમયમાં પહોંચી ગયા હતા પરંતુ શાળામાં બેઠક નંબર ન હોવાથી વિદ્યાર્થીઓ આચાર્ય પાસે ફરિયાદ કરવા ગયા તો તેઓએ વેદ ઈન્ટરનેશનલ સ્કૂલમાં તમારું પેપર છે તેમ જણાવ્યું હતું. પ્રવેશપત્ર-હોલ ટિકિટમાં આવી ભૂલ થવાથી વિદ્યાર્થીઓ રઝળી પડ્યા હતા. માંડ માંડ પરીક્ષાની તૈયારી કરીને આવેલા વિદ્યાર્થીઓ સ્થળ બદલાતાં માનસિક રીતે અસ્વસ્થ બની ગયા હતા. ગણિત જેવા પેપરમાં આવી ગફલત થવાથી વિદ્યાર્થીઓ ટેન્શનમાં આવી ગયા હતા. પરીક્ષા કેન્દ્રમાં થયેલા ફેરફારની જાણ વિદ્યાર્થીઓને અપાઈ નથી અથવા પ્રવેશપત્રમાં બિલ્ડીંગ ૧ અને બિલ્ડીંગ ૨ની માહિતી ખોટી પડી છે. આ બાબતે વિદ્યાર્થીઓના ભાવિ પર મોટો પ્રશ્નાર્થ કર્યો છે. ટેન્શનમાં પેપર લખી શક્યા નથી. તો આ ઘટના માટે જવાબદાર કોણ ? શું વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષાનું પરિણામ આનાથી બગડશે કે સુધરશે ?

## ઉછીની રકમ વસુલવા લેણદારે અપહરણ કરી ચેક લખાવ્યો !

### આરોપીએ નાણા લેનારને ઘ-૫ બોલાવી ધમકાવીને રૂ. ૩.૫૦ લાખનો ચેક લખાવ્યો

ગાંધીનગર, તા. ૧૩

આજથી ત્રણ માસ અગાઉ ઉછીના દિધેલ રૂ. ૨ લાખ લેણદાર સમય મર્યાદામાં પરત ન આપતા નાણાં દેનારે નાણાં લેનારને ઘ-૫ સર્કલ બોલાવી અપહરણ કરી ધમકાવી રૂ. ૩.૫૦ લાખનો ચેક લખાવી લેતા નાણાં લેનારે આ મામલે સેક્ટર-૭ પોલીસમથકે ફરિયાદ આપી હતી. જે અંગે પોલીસે ગુનો નોંધી નાણાં દેનાર સેક્ટર-૨ના મહેન્દ્રસિંહ વાઘેલાને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતા. પરંતુ આરોપી ભુગર્ભમાં ઉતરી ગયો હતો. જેને આજે સે. ૭ પોલીસે ઝડપી પાડ્યો હતો અને તેના વિરૂદ્ધ વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ગાંધીનગર શહેરના સેક્ટર-૧માં રહેતા સુરેશ નટવરલાલ ઉપાધ્યાયે આજથી ૩ માસ અગાઉ શહેરના સેક્ટર-૨-સી પ્લોટ નં. ૭૬૫/૨ ખાતે રહેતા મહેન્દ્રસિંહ ગોડભા વાઘેલા પાસેથી રૂ. ૨ લાખ વ્યાજવા લીધા હતા અને નાણા દેનાર મહેન્દ્રસિંહ કુલ રૂ. ૨ લાખની રકમમાંથી રૂ. ૪૦ હજાર વ્યાજ પેટે કાપી લઈ રૂ. ૧.૬૦ લાખ આપ્યા હતા અને સાથે સાથે ૧૨ જુલાઈ ૨૦૧૩ એટલે કે ત્રણ માસની મુદત આપી હતી. પરંતુ નાણા લેનાર સુરેશ નટવરલાલ ઉપાધ્યાય સમય મર્યાદામાં નાણા પરત ન આપતા નાણા દેનાર મહેન્દ્રસિંહ વાઘેલાએ થોડા દિવસો પહેલા લેણદાર સુરેશ ઉપાધ્યાયને ઘ-૫ સર્કલ નજીક ફોન કરી બોલાવ્યા હતા અને તેમનું અપહરણ કરી મારી ધમકાવી તેમની પાસે એ.ડી.સી. બેંકનો રૂ. ૩.૫૦ લાખનો ચેક લખાવી લીધો હતો. અને બાદમાં તેમણે છોડી નાસી છૂટ્યો હતો. આ ઘટના બનતા નાણા લેનાર શહેરના સેક્ટર-૭ પોલીસમથકે ફરિયાદ આપતા પોલીસે મહેન્દ્રસિંહ વિરૂદ્ધ ફરિયાદ નોંધી તેની શોધખોળ હાથ ધરી હતી પરંતુ આરોપી ભૂગર્ભમાં ઉતરી ગયો હતો જેની આજે પોલીસે ધરપકડ કરી હતી અને તેના વિરૂદ્ધ વિવિધ કલમો મુજબ ગુનો વધુ તપાસ પી.આઈ. પી.ટી. બોદર ચલાવી રહ્યા છે.

## પ્રાથમિક શિક્ષક શરાફી મંડળીના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી.ના પ્રમુખે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, તાજેતરમાં ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળીના સભ્યોની બેઠક મળી હતી. બેઠકમાં વર્ષ ૨૦૧૩-૨૦૧૪ ના હોદ્દેદારોની સર્વાનુમતે બિનહરીફ વરણી કરવામાં આવી હતી. પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળીના પ્રમુખ તરીકે અમૃતભાઈ હરગોવિંદલાલ દવે પેથાપુર પગાર કેન્દ્રની વરણી કરવામાં આવી છે. વિરાતલાવડી પગાર કેન્દ્રના રમણજી શિવસિંહ ઠાકોરની ઉપપ્રમુખ તરીકે તથા શેરથા પગાર કેન્દ્રના પિયુષકુમાર હરગોવિંદભાઈ પટેલની મંત્રી તરીકે બિનહરીફ વરણી કરવામાં આવી હતી.

## ચિલોડા પોલીસે પાંચ જુગારીયા ઝડપી પાડ્યા

### કુલ ૫ હજારનો મુદ્દામાલ કબજે કર્યો

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર-ચિલોડા માર્ગ પર બપોરના સમયે જાહેરમાં પાના-પત્તાનો કેટલાક શખ્સો જુગાર રમતા હોવાની બાતમીના આધારે ચિલોડા પોલીસે બાતમી સ્થળે દરોડો પાડી જુગાર રમતા પાંચ જુગારીઓને ઝડપી પાડ્યા હતા અને તેમની પાસેથી રોકડ રકમ અને મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૫ હજારનો મુદ્દામાલ કબજે કર્યો હતો અને તમામ વિરૂદ્ધ જુગાર ધારા મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ચિલોડા પોલીસમથકના પી.આઈ. એલ.બી. મોનપરાને બાતમી મળી હતી કે ચિલોડા સર્કલની આસપાસના કેટલાક ગામોના શખ્સો ચિલોડા સર્કલથી ગાંધીનગર તરફ જવાના માર્ગ પર જાહેરમાં તીન પત્તીનો જુગાર રમી રહ્યા છે. જે બાતમીના આધારે પી.આઈ. મોનપરા, વિરેન્દ્રસિંહ દેવેન્દ્રસિંહ વગેરેએ દરોડો પાડી જુગાર રમતા દિલીપ નારીમીર (રહે. ડભોડા), કલ્પેશ પુનાજી ઠાકોર (રહે. ચિલોડા), કનુ શિવા ઠાકોર (રહે. મોટી શિહોલી), અમરેશ જેસાજી ઠાકોર (રહે. છારોડી), શેગાજી પુજાજી ઠાકોર (રહે. મોટી સિહોલી)ને રંગેહાથ જુગાર રમતા ઝડપી પાડ્યા હતા અને તેમની પાસેથી જુગાર સાહિત્ય, રૂ. ૨૫૦૦ની રોકડ રકમ અને રૂ. ૨૫૦૦ની કિંમતના મોબાઈલ મળી કુલ રૂ. ૫૦૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. અને તમામ વિરૂદ્ધ જુગારધારાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ચિલોડા પોલીસે ૩ નંગ વિદેશી દારૂની બોટલ સાથે એકની અટકાયત કરી

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર નજીક ચિલોડા સર્કલ નજીક સાદરા ગામે જવાના માર્ગ પર આવેલ શિવમ કોમ્પલેક્ષમા ક્રિષ્ના ટ્રાવેલ્સ નામની દુકાનમાં ચિલોડા પોલીસે દરોડા પાડી ૩ નંગ વિદેશી દારૂની બોટલ સહિત કુલ રૂ. ૧૧૦૦ના મુદ્દામાલ સાથે એક શખ્સની અટકાયત કરી હતી. જ્યારે એક શખ્સ નાસી છૂટ્યો હતો. આ મામલે ચિલોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## પીએચડી થયા



ગાંધીનગર, તા. ૧૩

સંદિપની શિક્ષણ મહાવિદ્યાલય, અમદાવાદના અધ્યાપિકા મૃણાલી ચૌહાણે તાજેતરમાં કડી સર્વ વિશ્વ વિદ્યાલય, ગાંધીનગરમાંથી પીએચ.ડી. માટે મહાશોધ નિબંધ તૈયાર કર્યો છે. 'અ સ્ટડી ઓફ ધ ઈફેક્ટીવનેસ ઓફ સેલ્ફલર્નિંગ મટીરીયલ એઝ વર્ક કાર્ડ, પ્રોગ્રામ લર્નિંગ એન્ડ સી.એ.એલ. ઈન ધ સબ્જેક્ટ સોસિયલ સાયન્સ ઈન ધ સ્ટાન્ડર્ડ એઈટ' આ વિષય પર ડૉ. એમ.એલ. જોશીના માર્ગદર્શન હેઠળ મહાશોધ નિબંધ તૈયાર કરનાર મૃણાલી ચૌહાણને કડી યુનિવર્સિટીએ પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે.



## સાદરા મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓએ પોળોના જંગલની મુલાકાત લીધી

ગાંધીનગર જિલ્લાના ગૂજરાત વિદ્યાપીઠની શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય સાદરામાં વિદ્યાર્થીઓએ પોળોના જંગલની મુલાકાત લીધી હતી અને વૃક્ષોના મહત્વ વિશે માર્ગદર્શન મેળવ્યું હતું. વ્યાયામ મહાવિદ્યાલય સાદરાના ૮૦ વિદ્યાર્થીઓએ વન પ્રસારણ વિભાગ ગાંધીનગરના સૌજન્યથી વિજયનગરનાં પોળોનાં જંગલની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમ્યાન વૃક્ષોના મહત્વ અને વૃક્ષના જતન વિશે પ્રત્યક્ષ તાલીમ નાયબ વનસંરક્ષક જે.એસ. પટેલે આપી હતી. સાદરા ગૌ-સંવર્ધન કેન્દ્રના પ્રા. રમેશભાઈ પટેલ, રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રા. ડૉ. નિરજ સિલાવટ, ડૉ. અરવિંદ રામી, ડૉ. ઉદાજી પરમાર અને ડૉ. વિજય મકવાણાએ આ મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓ સાથે રહી માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૯

સૂર્યાસ્ત : ૭.૧૮

### તાપમાન

મહત્તમ : ૨૯.૦ ડિ.સે.

લઘુત્તમ : ૨૪.૫ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૧૦૦ ટકા ● સાંજે ૮૫ ટકા

વરસાદ ૬૦ મીમી

### મનોરંજન

**સિને મેક્સ**

: સ્ક્રીન-૧ :

પૅસિફિક રીમ૩-ડી(હિન્દી) : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૧૦.૩૦

ભાગ મિલ્ખા ભાગ : ૭.૦૦

: સ્ક્રીન-૨ :

લૂટેરા : ૧૦.૧૫, ૪.૦૦

પોલીસગીરી : ૧.૦૦

રાંઝણા: ૬.૪૫

: સ્ક્રીન-૩ :

ભાગ મિલ્ખા ભાગ :૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૯.૩૦

: સ્ક્રીન-૪ :

ભાગ મિલ્ખા ભાગ : ૯.૩૦, ૧.૦૦, ૪.૩૦, ૮.૦૦

**સૂર્યા, વાવોલ**

પોલીસગીરી : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

ભાગ મિલ્ખા ભાગ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :

ભાગ મિલ્ખા ભાગ : ૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦,૧૦.૧૫

: સ્ક્રીન-૨ :

પોલીસગીરી: ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :

લૂંટેરા : ૧૦.૦૦, ૧૦.૦૦, ૭.૩૦, ૧૦.૧૫

ભાગ મિલ્ખા ભાગ : ૪.૦૦

**ચિરાગ, કલોલ**

પોલીસગીરી : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### આપની આજ

**મેષ** : આરોગ્ય પ્રત્યે લાપરવા ન રહેવું. કૌટુંબિક સુખ અને આર્થિક અનુકૂળતાથી મન પ્રસન્ન રહેશે. રોગ, ઋણ, શત્રુ સંબંધી કાર્યોમાં ખર્ચ, પ્રવાસ વગેરેનો યોગ. આર્થિક રોકાણ સમજી વિચારીને કરવું.

**વૃષભ** : નિર્ણયો ખાનગી રાખવા જરૂરી છે. મનોબળથી સુખ-સંપન્નતાની સ્થિતિ બનશે. કામકાજની સ્થિતિ લાભદાયક રહેશે. શત્રુ પરાસ્ત થશે, વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો વિશેષ યોગ. આરોગ્ય સુધારો થઈ શકશે.

**મિથુન** : પ્રયાસ કરવાથી અટકેલા પૈસા મળવાની શકયતા. વિશિષ્ટ ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યો થઈ શકે છે. જોખમ, જવાબદારીના કામોમાં સાવચેતી રાખવી. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય.

**કર્ક** : મિત્રો સાથે સમય પસાર થશે. આર્થિક રોકાણ વિચારીને કરવું. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમ પૂર્વક ઉકેલવી. ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક ક્ષેત્રમાં માન-સન્માન પ્રાપ્ત થશે.

**સિંહ** : કોઈ પ્રિય વ્યક્તિથી ભેટ થઈ શકે છે. મિત્રોના સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના છે. વિનમ્રતા અને સામંજસ્યથી કામ કરવું પડશે. સંતાન સંબંધી કાર્યોમાં ઉન્નતિ થશે. કુટુંબમાં વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટે.

**કન્યા** : સ્થાયી સંપત્તિ ખરીદની સંભાવના છે. જીવનસાથીથી સંબંધોમાં પ્રગાઢતા આવશે. મિત્રોનાં સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવનાઓ રહેલી છે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

**તુલા** : ઋણ લેવું પડી શકે છે. કૌટુંબિક ચિંતાથી મન ખિન્ન રહે. નવા સંબંધો લાભદાયક રહેશે. વ્યાપાર- વ્યવસાય ક્ષેત્રમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. ખાનપાનમાં સંયમ રાખવું. ઉચ્ચસ્તરીય સન્માન પ્રાપ્તિ મળી શકે છે.

**વૃશ્ચિક** : કાર્યક્ષમતામાં વૃદ્ધિ થશે. માનસિક અસ્થિરતા દૂર કરો અને કાર્ય સમય પર પૂર્ણ કરવાનો પ્રયત્ન કરો. નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. સામાજિક કાર્યોમાં વ્યસ્તતા રહેશે. આર્થિક તંગી દુર થવાની સંભાવના છે.

**ધન** : કાર્યક્ષેત્રમાં વિઘ્નો ઉત્પન્ન થઈ શકે છે. નોકરીમાં અધિકારીઓથી વિવાદ થવાની સંભાવના છે. સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે. મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**મકર** : સ્ફૂર્તિ અને જોશ રહેશે. ધર્મમાં આકર્ષણ વધશે. બુદ્ધિના ઉપયોગથી કાર્ય વૃદ્ધિ થશે. શત્રુઓથી હાની થવાની સંભાવનાઓ રહેલી છે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થશે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે.

**કુંભ** : કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થશે. જ્ઞાન શોધના કાર્યોમાં મન લાગશે. ધ્યાન, સમાધિ, ગુપ્તજ્ઞાન સંબંધી કાર્યો થશે. રાજકારણમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત થશે. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે.

**મીન** : શત્રુઓથી હાનિ થવાની આશંકા છે. નવા સંબંધ બનશે. સત્સંગ થશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે.

### ચિરવિદાય

- સ્વ. ડાહીબેન ખેમરાભાઈ બારોટ(ઉ.વ.૬૩) પ્લોટ નં. ૧૩૨૬/૨, સેક્ટર-૨/બી, ગાંધીનગર.
- સ્વ. મોહતજી ખોડાજી ઠાકોર(ઉ.વ. ૭૦) મુ.પો. કોટેશ્વર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. લક્ષ્મણભાઈ ડાહ્યાભાઈ પરમાર (ઉ.વ. ૩૫) રોહિતવાસ, મુ.પો. પ્રાંતિયા, તા.,જિ. ગાંધીનગર.